જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૨/૧૧/૨૦૧૭ બુધવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૩૪૨/૧૭

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૦૮ કેસ કરી, ૯૨ વ્યક્તિઓને ઝડપી, ૨૩૧ લીટર દેશી દારૂ, ૨૨ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨૨ ક્વૉટર ઇંગ્લીશ દારૂ અને ૦૧ સ્કુટર કબજે કર્યુ હતુ તેમજ જુગાર ધારા હેઠળ ૦૩ કેસ કરી ૦૬ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૯,૪૫૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૩૪૩/૧૭

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સીઆર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૪૧૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૬૨ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ઘરફોડ :-** **સમાચાર યાદી નં.૨૩૪૪/૧૭**

**ચાંદખેડા :** મયુરકુમાર ગોવિંદભાઇ પરમાર (ઉ.વ.૪૦)(રહે,ભગીરથ ટેનામેન્ટ કોટેશ્વર રોડ મોટેરા) એ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૦/૧૧/૧૭ રાતનાં ૧૧/૦૦ થી તા.૨૧/૧૧/૧૭ ના કલાક ૬/૩૦ સુધીનાં સમયગાળા દરમ્યાન પોતાના મકાનના પાછળના રૂમની બારીના સળીયા કાપી, કોઇ અજાણી વ્યક્તિ મકાનમાં પ્રવેશ કરી, તીજોરીનુ લોક તોડી, સોનાના દાગીના કુલ કિંમત રૂપિયા ૧,૭૦,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.એમ.ડાભી ચલાવે છે.

**સોનાનો દોરો ખેંચી તોડી લઇ ગયા :-** **સમાચાર યાદી નં.૨૩૪૫/૧૭**

**સોલા હાઇકોર્ટ :** બબુબેન વા/ઓ નટવરલાલ ચાવડા (રહે,આયુષ્યમન એલીગન્સ ત્રીશલા હોમ્સની સામે ચાંદલોડીયા) એ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૦/૧૧/૧૭ બપોરનાં ૩/૦૦ વાગ્યાનાં સુમારે પોતાની સોસાયટીનાં ગેટ સામે થી પસાર થઇ રહ્યા હતા દરમ્યાન એક એક્ટીવા ઉપર આવેલ બે અજાણ્યા પુરૂષ બબુબેનનાં ગળામાંથીસોનાનો દોરો કિંમત રૂપિયા ૪૦,૦૦૦/- ખેંચી તોડી લઇ નાસી ગયા હતા.આ ગુનાની તપાસ પોસઇ.શ્રી બી.એચ.કુબાવત ચલાવે છે.

**નજર ચુકવી ચોરી:-** **સમાચાર યાદી નં.૨૩૪૬/૧૭**

**વસ્ત્રાપુર :** દિપકભાઇ ભાગચંદભાઇ કોરાણી (ઉ.વ.૨૪)(રહે, શીવ પાર્ક સોસાયટી, ઇશ્વરનગર રોડ મણીનગર) એ તા.૨૧/૧૧/૧૭ નારોજ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૨/૧૧/૧૭ નાં કલાક ૧૧/૩૦ થી ૧૧/૪૫ વાગ્યા દરમ્યાન રાજપથ કલબની પાછળ આવેલ આર.કે.પાર્ટી પ્લોટમાં રીસેપ્શન દરમ્યાન કોઇ અજાણી વ્યક્તિએ નજર ચુકવી દિપકભાઇની બેગ કે જેમાં રોકડા રૂપીયા ૨,૪૭,૦૦૦/- મુકેલ હતા તે બેગની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ **પો.સ.ઇ.શ્રી કે.એચ.જાડેજા** ચલાવે છે.

**અપમૃત્યુ:-** **સમાચાર યાદી નં.૨૩૪૭/૧૭**

**શાહપુર :** આરાધ્યાબેન ડો/ઓ મેલાભાઇ દેવીપુજક (ઉંમર: દોઢ વર્ષ)(રહે,માસ્તરની ચાલી કામા હોટલ રોડ શાહપુર દરવાજા બહાર) તા.૧૮/૧૧/૧૭ સાંજના ૬/૩૦ વાગ્યાના સુમારે પોતે પોતાના ઘરે ગ્લાસમાં ભરેલ કેરોસીન ભુલથી પી જતાં, સારવાર માટે વા.સા.હોસ્પીટલમાં દાખલ કરેલ હતી જેનું સારવાર દરમ્યાન તા.૨૧/૧૧/૧૭ ના કલાક ૪/૧૫ વાગે મૃત્યુ નિપજ્યુ હતુઆ અંગે શાહપુર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.ડી.સોલંકી ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.